## Paper :- 3

### વિભાગ :- C

31. સંચાલનની મધ્યસપાટીનાં બે કાર્યો :
   1) મુખ્ય વહીવટી અધિકારી તરફથી પ્રાપ્ત થયેલું હુકમો અને સુચનાઓનો અમલ કરવો.
   2) પેટા વિભાગના કાર્ય પર ધ્યાન આપવું.

32. સત્તા અને જવાબદારીનો સિદ્ધાંત :
   → સત્તા અને જવાબદારી એક સિક્કાની બે બાજુઓ છે.
   → જવાબદારી વગરની સત્તા અને સત્તા વગરની જવાબદારી બન્ને અધૂરા છે.
   → જ્યારે તાબેદારને કામ વિશેની કોઈ જવાબદારી સોંપવામાં આવે ત્યારે તે અંગેની સત્તા આપવી.
   → સત્તા સોંપણી વખતે હોદ્દો, જ્ઞાન, લાયકાત, અનુભવ, નેતૃત્વની કળા, પુખ્તતા વગેરે પરિબળો ધ્યાનમાં લેવા જોઈએ.

33.

34. ભૂતકાળમાં જાહેરાત આપીને ભરતી કરવામાં આવી હોય ત્યારે જરૂર કરતાં વધુ ઉમેદવારો પસંદ કરી, જરૂરિયાત મુજબ ઉમેદવારોની ભરતી કરી વધારાના ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવે છે. તેને પ્રતિક્ષાયાદી કહે છે.

35. જે માહિતી સંચાર વ્યવસ્થાતંત્રમાં કામ કરતા કર્મચારીઓ વચ્ચેના માનવીય સંબંધો અને મિત્રતા ઉપર આધારિત હોય તેને અવૈધિક માહિતીસંચાર કહે છે.
   ઉ:દા કારખાનાનો મેનેજર કામદારોને કામ કરવાની સૂચના આપે.

36. કામદારોના કાર્યની દેખરેખ રાખવી.
   કાર્યો :
   1) કર્મચારીઓમાં જૂથ તત્વના ભાવના ટકાવી રાખે.
   2) માહિતીસંચાર ઝડપી બનાવવાનું કાર્ય કરે.

37. "આયોજન અને અંકુશ એક જ સિક્કાની બે બાજુઓ છે"
   → આયોજનની સફળતાનો આધાર અંકુશ ઉપર છે. તેના દ્વારા જ પ્રવૃત્તિઓમાં રહી ગયેલ વિચલનો શોધીને સુધારાલક્ષી પગલા દ્વારા તેને યોગ્ય દિશામાં લઇ જવાય છે.
   → બીજી બાજુ અંકુશ કાર્યનું અસ્તિત્વ આયોજન વગર શક્ય નથી. કારણ કે અંકુશના કાર્યોમાં આયોજનના લક્ષ્યાંકો સિદ્ધ થયા કે નહીં, તેની ચકાસણી કરવામાં આવે છે. એટલે કે આયોજન જ ન કર્યું હોય તો અંકુશ કાર્યની કોઇ વિચારણા રહેતી નથી.

38. રોકાણ અંગેના નિર્ણયો :
   1) કુલ મૂડીની જરૂરિયાત
   2) રોકાણનું મહત્વ
   3) મૂડીની માપબંધી
   4) રોકાણમાં જોખમનું તત્વ
   5) ભવિષ્યમાં કમાણી નિશ્ચિતતા કે અનિશ્ચિતતા

39. કોમર્શિયલ પેપર, થાપણનું પ્રમાણપત્ર અને કોમર્શિયલ બિલ એ નાણાંબજારનાં હસતાંતરણીય સાધનો છે.

40. ઉત્પાદકો પોતાની પેદાશોની બજારમાં સફળતાપૂર્વક દાખલ કરવા માટે અને તેના બજારને ટકાવી રાખવા માટે જે વિવિધ નીતિઓનો સમૂહ અપનાવે છે. તેને બજારીયમિશ્ર કહે છે. તેમાં પેદાશ, કિંમત, વિતરણ અને અભિવૃદ્ધિનો સમાવેશ થાય.

41. કિંમતને અસર કરતા પરિબળો :
   1) પેદાશની પડતર
   2) પેદાશની માંગ
   3) બજારમાં હરીફાઈ
   4) સરકારી અને કાયદાકીય અંકુશ
   5) આર્થિક સ્થિતિ

42. ગ્રાહકને મળવાપાત્ર રાહતો /ઉપાયો :
   1) વસ્તુ માં રહેલી ખામી સામે અથવા સેવામાં રહેલી ઊણપને દૂર કરી શકે.

2) વસ્તુ કે સેવા માટે ચૂકવાયેલી રકમ પરત કરવા
3) ખામીવાળી વસ્તુને સ્થાને નવી વસ્તુ બદલાવી શકે.
4) જોખમી વસ્તુઓનું ઉત્પાદન અને વેચાણ રોકી શકે.

**43.** રાજકોષીય નીતિના બે હેતુઓ:
1) સાધન સંપત્તિનો મહત્તમ ઉપયોગ કરવો.
2) આવકની વહેંચણીમાં શક્ય તેટલી સમાનતા લાવવી.

**44.** સંચાલન સર્વવ્યાપક છે. જ્યાં જ્યાં માનવી સમૂહમાં હેતુની સિદ્ધિ માટે કામ કરે, ત્યાં સંચાલનની જરૂર પડે છે. સંચાલન માત્ર ઔદ્યોગિક ક્ષેત્રમાં જ નહીં, પરંતુ સામાજિક, ધાર્મિક, કૃષિ, લશ્કરી, શૈક્ષણિક વગેરે ક્ષેત્રમાં જોવા મળે છે. સંચાલન દરેક ક્ષેત્રના તમામ એકમો, વિભાગો અને સપાટીએ જોવા મળે છે.

**45.** ઉત્પાદન સંચાલનનાં કાર્યો :
1) ઉત્પાદન આયોજન કરવું.
2) ઉત્પાદન સંશોધન કરવું.
3) ઉત્પાદન અંકુશ રાખવો.
4) ગુણવત્તા અંકુશ જાળવવો.

**46.** આયોજનમાં નક્કી કરેલા ધ્યેયને પાર પાડવા ઉપયોગમાં લેવાતી યુક્તિ એટલે વ્યૂહરચના.
→ વ્યુહરચના ઘડવાથી એકમ બજારમાં હરીફો સામે કે અસર કરતાં અન્ય પરિબળો સામે ટકી શકે છે.

**47.** વેચાણકર્તા એ એક એવી વ્યક્તિ છે કે જે ધંધાકીય એકમનું પ્રતિનિધિત્વ સંભવિત ગ્રાહકોને કરે છે અને તેનું કાર્ય સંભવિત ગ્રાહકોને પેદાશ વિશેની માહિતી આપવી, પેદાશનું નિદર્શન કરવું, પેદાશના ઉપયોગો જણાવવા અને શંકાઓનું સમાધાન કરવાનું હોય છે. વ્યક્તિગત વેચાણ દ્વારા ધંધાકીય એકમો ગ્રાહકો સાથે એક ચોક્કસ પ્રકારનો સંબંધ ઊભો કરે છે.

**વિભાગ :- D**

**48. 1. પ્રસ્તાવના :** સંચાલન એટલે અન્ય વ્યકિતઓ પાસેથી કામ લેવું, જેમાં માનવ પ્રયત્નોને સંગઠિત બનાવીને, દોરવણી આપીને તથા તેની ઉપર અંકુશ રાખીને કુદરતી સાધન સંપત્તિનો મહત્તમ ઉપયોગ કરીને માનવીને દોરવણી આપીને તથા તેની ઉપર અંકુશ રાખીને કુદરતી સાધન સંપત્તિનો મહત્તમ ઉપયોગ કરીને માનવ સુખાકારીમાં વધારો કરવામાં આવે છે. પ્રશ્ન એ થાય કે અન્ય વ્યકિતઓ પાસેથી કામ લેવા માટે કોઈ સિદ્ધાંતો છે? અને વ્યકોટો પાસેથી અધિકારીઓ પોતાના અંગત આવડત, ચતુરાઇ, બુદ્ધિ અને સુઝથી કાર્ય લઈ શકે છે.?

**2. સંચાલન વિજ્ઞાન છે :** સામાન્ય સમજૂતી પ્રમાણે વિજ્ઞાન એટલે વ્યવસ્થિત અને વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન કે જેમાથી કાર્યકરણનો સંબંધ સ્થાપી શકતો હોય અને નિયમો તથા સિદ્ધાંતો તારવી શકતા હોય. ટૂંકમાં વિજ્ઞાનમાં નિયંત્રિત પ્રયોગો અને પરિનામોનું નિરિક્સન કરવામાં આવે છે તેને આધારે કાર્યકરણનો સંબંધ સ્થાપીને સિદ્ધાંત ઠરાવવામાં આવે છે. આવા નિયમો લાંબા સમય સુધી ટકી રહે છે અને તેનો સાર્વત્રિક ઉપયોગ થાય છે. રસાયણશાષ્ટ્ર અને ભૂતિકશાસ્ત્રને આ અર્થમાં ચોક્કસ વિજ્ઞાનકહી શકાય કારણકે તે કુદરતી વિજ્ઞાન છે તેના સિદ્ધાંતો કાયમી છે અને 100% સાચા પડે છે.

પરંતુ સંચાલન એ કુદરતી નથી પણ સામાજિક વિજ્ઞાન છે. તે સમાજના લોકો સાથે સંબંધ ધરાવે છે. તેથી તેના સિદ્ધાંતો 100% સાચા પડતાં નથી . આમ છતાં તેમાં કાર્યકરણનો સંબંધ સ્થાપિત થતો હોવાથી તે સામાજિક વિજ્ઞાન છે.

**3. સંચાલન એક કળા છે. :** સંચાલનશાસ્ત્રને એક 'કળા' તરીકે પણ ઓળખવામાં આવે છે. કળા એટલે સંગીતકળા, ચિત્રકળા. નૃત્યકળા, શિલ્પકળા જેવી લલિતકળાના અર્થમાં નહીં પણ 'કળા' એટલે અંગત આવડત, ચતુરાઇ, બુદ્ધિશકિત, દીર્ઘદ્રષ્ટિ, કાર્યશૂઝ કે જેને આધારે અધિકારી પોતાના મદદનીશો પાસેથી કામ મેળવે છે. આમ, કળા એટલે કાર્યકરવાનું કૌશલ્ય.

કળા સ્વયં રીતે અસ્તિત્વમાં આવે છે અને તાલીમ તથા અનુભવોને આધારે વિકાસ થાય છે. દરેક વ્યકિતમાં કાળનું અલગ અલગ ધોરણ જોવા મળે છે.

**4. સંચાલન એ કળા અને વિજ્ઞાનનો સમન્વય છે. :** કોઈ પણ શાસ્ત્ર માત્ર 'કળા' કે માત્ર 'વિજ્ઞાન' હોય શકે નહીં. વાસ્તવમાં કળા અને વિજ્ઞાન એકબીજાના પૂરક છે. ડોક્ટર પાસે તબીબી વિજ્ઞાનનું જ્ઞાન હોય પરંતુ શસ્ત્રક્રિયા કરવાનું કૌશલ્ય(કળા) ન હોય તો દર્દીના જીવનનું જોખમ ગણાય છે.